ક્રિમીનલ કેશ નં.૫૪૫૨૩/૨૦૨૪
આંક :–

| એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં. ૩૯) અમદાવાદ. | |
|---|---|
| શ્રી સરકાર | ફરીયાદી |
| વિરુધ્ધ | |
| **૧.મોનાબેન અશોકભાઈ ભીલ.** | આરોપી |

**:: હુકમ ::**

**(ગુન્હા કબુલાત કરતા)**

**ગુન્હો : – પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(એ) ............. મુજબ.**

(૧) આરોપી સામેના હાલના ગુન્હાની વિગત મુજબ આરોપી વગર પાસ પરમીટે પ્રોહીબીટેડ મુદામાલ (દેશી દારુ) પોતાના કબજામાં રાખી મળી આવેલા, આ સંજોગોમાં તેઓને ધોરણસર અટક કરી તપાસ કરનાર અમલદારે તપાસ કરી તેઓ સામે હાલનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ગુન્હાના કામે પ્રોસેસ ઈશ્યુ કરતા પોલીસ ઓથોરીટીએ તે પ્રોસેસની બજવણી કરી આરોપી ને હાજર રખાવેલ છે. આરોપીને પોલીસપેપર્સની નકલો આપવામાં આવેલ, ત્યારબાદ ટ્રાયલના તબકકે આજરોજ આરોપીએ તેઓ સ્વેચ્છાએ તેમના સામેનો આ ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનુ જણાવી તે અંગે કબુલાત પુરશીશ રજુ કરેલ છે, તથા તેઓનો પ્રથમ ગુન્હો હોય ગરીબ માણસ હોય રહેમ નજર રાખી ઓછી સજા કરવા અરજ કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનુ લખી આપેલ.

(૩) રેકર્ડ જોવામાં આવે તો આરોપી પાસેથી જે પ્રોહીબીટેડ મુદામાલ મળી આવેલ છે તેનો જથ્થો ઓછો છે, તે કોઈ ખુબ મોટો જથ્થો નથી. આવા પ્રકારના કેસનુ ભારણ ખુબ વધુ પ્રમાણમાં છે અને તે સબંધે જો ટ્રાયલ ચલાવવામાં આવે તો કોર્ટનો મહત્વનો તમામ સમય તેમાં પસાર થાય તેમ છે, જેના કારણે અન્ય ક્રિમીનલ કેસો પરત્વે ધ્યાન કેન્દ્રીત કરી શકાય તેમ નથી. વધુમાં ચાર્જશીટના પેપર્સ ધ્યાને લેવામાં આવે તો તેમાં જે પંચોનો ઉલ્લેખ છે તે કોઈ સરકારી પંચો નથી, એ જ રીતે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૧૬૫ મુજબની જરુરી કાર્યવાહી કરવામાં આવેલ હોવાનુ પણ જણાતુ નથી, જે ખામીયુકત તપાસ હોવા તરફ ઈસારો કરે છે. આ તમામ બાબત સાથે આરોપીનો આ પ્રથમ વખત નો ગુન્હો હોવાની તેઓની રજુઆત ધ્યાને લઈ જો નજીવી સજા કરવામાં આવે તો તે પણ યોગ્ય હોવાનુ જણાઈ આવે છે તથા તેના પરીણામે આરોપીને સુધરવાની એક તક પણ મળવા સંભવ છે.

**(૪)** આથી કેસની ઉપરોકત હકીકતો સાથે આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાની રજુઆત ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ***'નટવર હરચંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં.૭૦૯)'*** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લેતા આરોપીને કાયદા મુજબ થઈ શકે તે પુરેપુરી સજા નહી કરતા કોર્ટ ઉઠતા સુધીની કેદ અને દંડ કરવામાં આવે તો તે પણ યોગ્ય અને ન્યાયીક હોવાનુ જણાતુ હોય, નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

૧) આરોપીને ક્રિ.પ્રો.કોડની જોગવાઈ મુજબ તેઓ સામેના આક્ષેપીત ધી.પ્રોહીબીશન એકટ અન્વયેના ઉપરોકત કલમ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને તેઓને કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા તથા સંયુકત રીતે પ્રત્યેકને **રુપીયા ૨૦૦/- અંકે રુપીયા બસ્સો પુરા દંડ કરવામાં આવે છે.**

૨) દંડની રકમ ભરપાઈ કરવાની કસુર બદલ દિન- ૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) અપીલ સમય વિત્યે : ૧) પ્રોહીબીટેડ મુદામાલ તથા તેનો સંગ્રહ કરેલ તે ઠામ/વાસણ નો નાસ કરવો, ૨) મુદામાલ રોકડ રકમ કબજે થયેલ હોય તો તે સરકાર ખાલસા કરવી, ૩) મુદામાલ વાહન અને મોબાઈલ સબંધે વચગાળાના તબકકે કોઈ હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વિત્યે કાયમ કરવામાં આવે છે અન્યથા તે મુદામાલ જે ઈસમ પાસે થી કબજે થયેલ હોય તેમને પરત કરવો.

૪) હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં **લોક અદાલતના સ્પેશ્યલ શીટીંગમાં** વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

**તા. ૧૪/૦૯/૨૦૨૪**

**(દશરથસિંહ જાલમસિંહ પરમાર)**
૩૫ મા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર,
**કોડ નં.જી.જે. ૦૧૧૭૧.**